


''સાંભળ્યાને સમાચાર..? ક્રિકેટ ટીમનો કેપ્ટન હવે દેશનો કેપ્ટન બની જશે..!!''

''હં... અ..!! એટલે ઈમરાનખાનની વાત કરો છો ને..?! ડંકાની ચોટ ઉપર બની જશે..!!''

''પણ ભાઈ..! ક્રિકેટ જુદુ અને દેશ જુદો છે..!! ક્રિકેટમાં તો ચાર-પાંચ સીક્સર મારીએ અને બે-ચાર વિકેટ લઈએ એટલે વાહ વાહ..!! બાકી રાજકારણમાં તો રોજે રોજ બાઉન્સર..!!''

''સાચુ કહું સાહેબ..!?! સારો ક્રિકેટર સારો વહીવટ કરી શકે એમાં બે મત નથી..! કારણ કે એણે અણધાર્યા બોલનો સામનો કરવાનો..! ફિલ્ડીંગથી ઘેરાયેલો હોવા છતાં નિર્ધારીત સ્કોર પણ કરવાનો છે... અને તો જ જીતાય..! નહિં તો બોલ્ડ..!!''

''લ્યો... આપણા સાહેબ..! તો ક્યાં ક્રિકેટર છે, છતાંય ફિલ્ડરો ફિલ્ડીંગ છોડીને ભાગી રહ્યાં છે..!! અને હવે તો કોઈ બોલીંગમાંય તૈયાર નથી..!! ગમે તેવો બોલ આવે..! ફટકારે જ છુટકો..!!''

''ઓ હો હો... હો..!! ખુબ અહોભાવ છે હોં..! સાહેબ, કામ બોલે છે..! આંખે ઉડીને વળગે એવું કામ થયું છે..! સાંઈઠ-સીત્તેર વરસના ઈતિહાસને ભુલાવી દે એવું કામ થયું છે..!!''

''...બસ બસ...બસ..!! ખુબ થયો તમારો ભક્તિભાવ..! હકિકતો પણ જોવાનું રાખો..! વાસ્તવિકતાનો સ્વીકાર કરો..! તો જ તમે આ વાહ વાહીમાંથી બહાર નીકળશો..!!''

''ખોટી વાત છે..! અરે દેશની વાત છોડો... વિદેશની ધરતી ઉપર પણ કેવો માન-મર્તબો છે..! ટ્રમ્પ હોય કે પુતીન... પ્રોટોકોલ છોડીને સાહેબને આવકારવા જાય છે..! એશિયા હોય કે આફ્રિકા... અખબારોમાં ભારત છવાયેલું રહે છે..!! આંતરરાષ્ટ્રીય કોઈપણ બેઠક હોય ત્યાં આપણા પ્રધાનમંત્રીનો દબદબો જ જુદો હોય છે..!! જરા ખુલ્લી આંખે જોવાનું રાખો..!!''

''આંખો ખુલ્લી રાખીએ કે બંધ રાખીએ..! હકીકત બદલાતી નથી..!! ચાર-ચાર વરસના વ્હાણા વાયા... આપણી વિદેશ નીતિ કે આપણી સંરક્ષણ નીતિ હજુ પણ સિદ્ધિ વિહોણી છે..!! હા... ચાર હજાર કરોડના ખર્ચે ૧૨૨ દેશોમાં વાહવાહી કરી આવ્યા અને મેળવી આવ્યા... પણ એમાં આપણું શું થયું..?! દેશ અનુભવી શકે એવો ફાયદો શું થયો..?! એ બતાવો..! કે પછી બસ..! હાંકે જ રાખો છો..?!''

''અરે..! તમને તો કમળો થઈ ગયો છે, બતાવો કોઈ સારા ડોક્ટરને..! કે કોઈ મનો ચિકિત્સકને બતાવો..! વિશ્વના કોઈપણ ખૂણામાં જાઓ... ભારતના ડંકા વાગે છે..!! આપણી પ્રગતિની બીજા દેશો ઈર્ષ્યા કરે છે..!! અને એ જ આપણી સફળતા છે..! એ કર્યું કોણે..?! પ્રમાણિક જવાબ આપો..!!''

''અરે ભાઈ..!! મહાત્મા ગાંધીના વખતથી દુનિયામાં ભારતના ડંકા વાગે છે..!! આમાં તમે કાંઈ નવી-નવાઈનું નથી કરતા..!! ભારત દેશ જ મહાન છે..! આ સંતો-મહંતોની ભૂમિ છે..! આ ગંગા અને હિમાલયની ભૂમિ છે..!! યુગ યુગાન્તરોથી ભારતની બોલબાલા છે..!!''

''હા...સાહેબ... હા..! મેરા ભારત મહાન..!!''

# મચ્છર પાણીમાં છે ત્યારે જ તેનો ખાત્મો કરીએ : ડૉ. જી.સી. શાહુ

## ન્યુ ગાંધીનગરની રાત્રિ સભામાં વિસ્તારની જ વિવિધ સોસાયટીઓના ફોટોગ્રાફસ સાથે તંત્ર દ્વારા પ્રેઝન્ટેશન રજુ થયુ



ગાંધીનગર, તા. ૩૧

વાહકજન્ય રોગચાળાનો પ્રસાર કરતા મચ્છરને પાણીમાં છે ત્યારે જ તેને ખતમ કરીએ. કોઈપણ યુદ્ધની રણનીતિમાં પણ દુશ્મન પર હુમલો કઈ રીતે અને ક્યારે કરવો તેનું મહત્વ છે બસ એવુ ને એટલુ જ મહત્વ મચ્છરને મારવાની નીતિનું છે.

ઉપરોક્ત શબ્દો ભારત સરકારમાં સિનીયર રિસર્ચ ઓફિસર તરીકે સેવાઓ આપતા ડૉ. જી.સી. શાહુએ ઉચ્ચાર્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે પાણી છોડી મચ્છર ઉડશે તો તેને નાથવો અઘરો છે.તેમણે એવુ પણ કહ્યુ હતુ કે ફોગીંગની કામગીરી એ આખરી વિકલ્પ નથી તેની અસરકારકતા પણ તમે કલ્પના કરો છો એટલી પુરવાર થઈ નથી.

**૧૦૪ પર ફોન કરી તાવ કે અન્ય ફીવરની જાણકારી આપો તંત્રનો કર્મચારી ગણતરીના કલાકોમાં તમારા દ્વાર પર પહોંચશે : જ્યોર્જ કુરિયન**

આ વાહકજન્ય રોગચાળામાં તો આપણે બચીએ અને આપણા સૌને બચાવીએ એ જ મહત્વું છે. તેમણે મચ્છરની ઉત્પત્તિ અટકાવવા માટેના પ્રયાસો સઘન હોવા જરૂરી છે તેવો ભાર મુક્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# આવતીકાલે ગાંધીનગરનો જન્મદિવસ ધામધુમથી ઉજવાશે

## જીઇબી કોલોની ગેસ્ટહાઉસમાં નગરના ૫૪મા જન્મદિવસની ઉજવણી કરાશે : શહેર વસાહત મહામંડળ નગરની પ્રથમ ઇંટ મુકાઇ હતી તેવા જીઇબી ગેસ્ટહાઉસ ખાતે દિપ પ્રાગટય કરી વૃક્ષારોપણ કરશે

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરના ૫૪ માં જન્મદિવસની શહેર વસાહત મહામંડળ દ્વારા ઉજવણી કરવામાં આવશે. નગરના નિર્માણ અન્વયે પ્રથમ ઈંટ મુકાઈ હતી તેવા જી ઈ બી ગેસ્ટ હાઉસના બિલ્ડીંગની તક્તિ પાસે દિપ પ્રાગટય કરવામાં આવશે જયારે મહાનુભાવો દ્વારા જી ઈ બી વિશ્રામ ગૃહના સંકુલમાં ૧૫૦૦ જેટલા વૃક્ષોની પણ વાવણી કરવામાં આવશે.

ગાંધીગરના જન્મદિવસની પ્રતિવર્ષ ઉજવણી કરવામાં આવે છે. ગાંધીનગરની સ્થાપનાને દાયકાઓનો સમય વિતી જતા શહેર વસતી અને વિકાસની દ્રષ્ટીએ પણ આગળ વધી ગયુ છે. હાઈટેક વિકાસની સાથે વધતા વ્યાપાર ઉદ્યોગોના લીધે નગરની ઓળખ પણ બદલાઈ છે. શિક્ષણ હબ બનતા ગાંધીનગરમાં અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનના લીધે નગરની ઓળખ પણ બદલાઈ છે. દાયકાઓના અંતે વિકાસના નવા આયામો સાથે કર્મચારી નગર તરીકેની ઓળખ પણ બદલાઈ છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ ગાંધીનગરના જન્મદિવસ નિમિત્તે નગરના જી ઈ બી ગેસ્ટ હાઉસ ખાતે જયાં પ્રથમ ઈંટ મુકાઈ હતી તે સ્થળે શહેર વસાહત મહામંડળ દ્વારા જન્મદિવસની ઉજવણી કરવામાં આવે છે.ગાંધીનગરના ૫૪ માં જન્દિવસની ઉજવણી અન્વેય શહેર વસાહત મહામંડળ દ્વારા દરવર્ષની જેમ આ વર્ષે જી ઈ બી ગેસ્ટ હાઉસના બિલ્ડીંગમાં જયાં શહેરની પ્રથમ ઈંટ મુકાઈ હતી તે સ્થળે સવારે ૯ કલાકે દિપ પ્રાગટય અને વૃક્ષારોપણ કરવામાં આવશે. આ તબક્કે જિલ્લા પ્રભારી પરબત પટેલ, પ્રભારી સચિવ સંજીવકુમાર, ગાંધીનગના ધારાસ્ભય ડો સી જે ચાવડા દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, મેયર પ્રવિણ પટેલ, મહાનગરપાલિકાના કમિશ્નર ડેપ્યુટી કમિશ્નર જિલ્લા કલેકટર થર્મલ પાવર સ્ટેશનના મુખ્ય ઈજનેર સહીત મહામંડળના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

# આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન થતા અરજદારો ધક્કે ચઢયા

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં તા ૧ ઓગષ્ટથી વાહનોનુ ઓનલાઈન રજીસ્ટ્રેશન તેમજ ઈ ચલણથી પૈસા ચુકવવા માટેની યોજનાનો અમલ થવાનો છે. જયોર આજે દિવસ દરમિયાન આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન રહેતા કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. ઓનલાઈન રજીસ્ટ્રેશનની યોજના પુર્વે જ આજે સર્વર ડાઉન રહેતા આ પુર્વે પુર્ણ કરવાની થતી કામગીરી પણ અટવાતા આર ટી ઓ કચેરી માટે નવી મુંઝવણ ઉભી થઈ છે.

ગાંધીનગરની આર ટી ઓ કચેરીમાં વારંવાર સર્વર ડાઉન થતા અરજદારોના કામો અટવાય છે. જયારે આર ટી ઓ કચેરીની કામગીરી પણ ખોરંભે ચઢતા કામનુ ભારણ પણ વધી જાય છે. આર ટી ઓ દ્વારા તા ૧ ઓગષ્ટથી વાહનોની નોંધણી સહીતનુ કામ ઓનલાઈન કરવાની પ્રક્રીયાનો પ્રારંભ કરવામાં આવનાર છે. જયારે ઓનલાઈન કામગીરીને અનુલક્ષી ડિલરોને પણ વાહનોના જરૂરી દસ્તાવેજો ઓનલાઈન સુપ્રત કરવા માટે સુચના આપી દેવામાં આવી છે.જયારે આ યોજનાના આરંભ પુર્વે જ આજે આર ટી ઓ કચેરીમાં બી એસ એન એલના જોડાણમાં ક્ષતી ઉદભવતા સર્વર ડાઉન થઈ ગયુ હતુ. જેના લીધે સઘળુ કામ અટકી ગયુ હતુ. આજે આર ટી ઓ કચેરીનો વહીવટ ઠપ્પ થઈ જતા અરજદારોને પણ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. જયારે ઓનલાઈન યોજનાના અમલ પુર્વે જ સર્વર ડાઉન થતા વાહનોના પાસિંગ સહીતની કામગીરી ખોરવાઈ ગઈ હતી.

# નવરાત્રી વેકેશન ૧૦થી ૧૭ ઓક્ટોબર

## આખરે સરકારે નવરાત્રિની વેકેશનની તારીખોને બદલી : રાજયભરમાં ભારે વિવાદ બાદ અંતે નિર્ણય થયો : પરીક્ષા-વેકેશનની તારીખો ટકરાઇ રહી હતી : દિવાળી વેકેશન ઘટ્યું

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત રાજયના શિક્ષણજગતના ઈતિહાસમાં તાજેતરમાં જ રાજયકક્ષાના શિક્ષણમંત્રી વિભાવરીબેન દવે દ્વારા નવરાત્રિ દરમ્યાન શાળા-કોલેજીસના વેકેશનની જાહેરાત કરાયા બાદ શિક્ષણજગતમાં ઉઠેલા વિરોધ અને વિવાદ બાદ આજે સરકારને નવરાત્રિના વેકેશનની તારીખોમાં ફેરફાર કરવાની ફરજ પડી હતી. એટલું જ નહી, શિક્ષણજગતમાં મચેલો ઉહાપોહ ખાળવા સરકારે દિવાળી વેકેશનના કુલ દિવસોમાં સાત દિવસ ઓછા કરવાની જાહેરાત પણ કરી હતી કે જેથી બંને વેકેશનના કારણે શિક્ષણકાર્યને ગંભીર કે વિપરીત અસર ના પહોંચે. ખુદા રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે સાંજે મીડિયા



સમક્ષ આવી નવરાત્રિના વેકેશનની તારીખો બદલીને ૧૦થી ૧૭ ઓક્ટોબર કરવાની જાહેરાત કરવાની ફરજ પડી હતી.

ઉલ્લેખનીય છે કે, આ પહેલા સરકારે તા.૧૫ ઓક્ટોબરથી ૨૧ ઓક્ટોબર સુધીની રજા જાહેર કરી હતી. જેને પગલે તા.૧૯ ઓક્ટોબરના રોજ યોજાનારી પ્રથમ પરીક્ષા અને રજાની તારીખો ટકરાઈ રહી હતી, જેને લઈને ભારે વિવાદ સર્જાયો હતો. જો કે, હવે રાજય સરકાર દ્વારા નવરાત્રિ વેકેશનની તારીખોમાં ફેરફાર કરવામાં આવતાં હવે પરીક્ષાના સમય પત્રકને કોઈ અસર થશે નહીં. શિક્ષણમંત્રી ચુડાસમાએ વધુમાં જણાવ્યું હતું કે, નવરાત્રિ વેકેશનની તારીખમાં ફેરફાર કરીને ધોરણ ૯થી ૧૨ની તા.૧૯ ઓક્ટોબરથી શરૂ થતી પરીક્ષા યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે, જેથી પરીક્ષામાં કોઈ અડચણ આવશે નહીં. ગુજરાતમાં નવરાત્રિનું વેકેશન તા.૧૦ ઓક્ટોબરથી ૧૭ ઓક્ટોબર સુધીનું રહેશે. તા.૧૮ ઓક્ટોબરના રોજ દશેરાની રજા

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામીણ વિસ્તારોમાં આજથી સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૮નો આરંભ થશે

ગાંધીનગર, તા. ૩૧

આજથી સ્વચ્છતા સર્વેક્ષણ (ગ્રામીણ)-૨૦૧૮નો કાર્યક્રમ શરૂ થઈ રહ્યો હોવાથી તંત્ર દ્વારા હવે સ્વચ્છતા પર ગામેગામ ચિત્રસ્પર્ધા, નિબંધલેખન સહિતના કાર્યક્રમો હાથ ધરવા જણાવાયુ છે.

મિશન-વિદ્યાને બાજુએ હડસેલી બાળકોને સ્વચ્છતા વિશે નિબંધ સ્પર્ધા અને ચિત્રસ્પર્ધા જેવા કાર્યક્રમોમાં વ્યસ્ત કરવામાં આવ્યા છે.

રાજ્યના ગ્રામ વિકાસ મંત્રી તેમજ ગ્રામ વિકાસ કમિશ્નરે વિડીયો કોન્ફરન્સ યોજી અને સ્વચ્છતા સર્વેક્ષણની બાબતોથી તંત્રના અધિકારીઓને સમજૂત કર્યા હતા.

સ્વચ્છતા સર્વેક્ષણ થર્ડ પાર્ટી દ્વારા થશે એટલુ જ નહિ સર્વેક્ષણ માટે રેન્ડમલી ગામની પસંદગી સર્વેક્ષણ કરનાર એજન્સી દ્વારા પસંદ કરાશે તેથી તે માટે તંત્રને આજે સજાગતાનો સંદેશ આપતાં સૌએ જણાવ્યુ હતુ કે આ સર્વેક્ષણમાં ગુજરાત અગ્રીમ સ્થાને રહે તે જોવા અપીલ કરી હતી.

એક મહિના સુધી આ ઝુંબેશ ચાલશે અને દરેક જિલ્લાના ૧૦ ટકા ગામોને આ સર્વેક્ષણમાં આવરી લેવામાં આવશે.

બે કલાક ચાલેલી આ વિડીયો કોન્ફરન્સમાં સ્વચ્છતા સર્વેક્ષણની માર્કિંગ પદ્ધતિ વિશે પણ સમજ આપવામાં આવી હતી. આ સર્વેક્ષણમાં જાહેર સ્થળો ઉપરાંત તેની સ્વચ્છતા જાળવણી કેવી રીતે થાય છે, ગ્રામીણ વિસ્તારમાં ઘનકચરાના નિકાલની વ્યવસ્થા, શૈચાલયોનો ઉપયોગ થાય છે કે નહિ, જાહેર શૌચાલયો બનાવાયા છે કે નહિ જેવા વિષયોને આવરી લેવાશે એટલુ જ નહિ ગ્રામીણ પ્રજા સાથે સર્વેક્ષણ ટીમ નાનકડી પ્રશ્નોત્તરી પણ કરશે.

# ગાંધીનગરમાં વન મહોત્સવ અન્વયે આવતીકાલથી વૃક્ષરથનો પ્રારંભ

ગાંધીનગર તા ૩૧

વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે આવતીકાલે ગાંધીનગરના જન્મદિવસના રોજ વનતંત્ર દ્વારા વૃક્ષરથનુ આયોજન કરવામાં આવ્યુ છે. તા ૨ ઓગષ્ટના રોજ સવારે ૯ કલાકે વનચેતના કેન્દ્ર ખાતેથી વૃક્ષરથને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવાશે. આ વૃક્ષરથ તા ૨ અને ૩ ઓગષ્ટના રોજ શહેરી વિસ્તારમાં ફરશે અને સેકટરોમાં વૃક્ષોના રોપાઓનુ વિતરણ કરશે. તા ૧૧ ઓગષ્ટ સુધી જિલ્લાના ચારેય તાલુકા તેમજ ગ્રામ્ય વિસ્તારમાં આ વૃક્ષરથના માધ્યમથી સુશોભિત ,ફળાઉ અને ઔષધિય રોપાઓનુ વિતરણ કરવામાં આવશે.

**સેકટરો અને ગ્રામ્ય વિસ્તારમાં પણ સુશોભન , ફળાઉ અને ઔષધિય રોપાઓનુ વિતરણ કરાશે : સેકટરોમાં ઇન્કવાયરી કચેરીઓ અને શોપિંગ સેન્ટરો પાસેથી રોપાઓનુ વિતરણ કરાશે : જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ૧૧ ઓગષ્ટ સુધી વૃક્ષરથ ફરી રોપાઓનુ વિતરણ કરશે**

ગાંધીનગર જિલ્લામાં વન મહોત્સવની ઉજવણીનો ચંદ્રાલાથી પ્રારંભ કરવામાં આવ્યો છે. જયારે વન મહોત્સવ અંતર્ગત વૃક્ષારોપણ તેમજ રોપાઓનુ વિતરણ કરવામાં આવી રહયુ છે. આગામી તા ૨ ઓગષ્ટના રોજ ગાંધીનગરનો જન્મદિવસ છે. ત્યારે ૬૯ માં વન મહોત્સવની ઉજવણી અન્વયે વનતંત્ર દ્વારા જિલ્લામાં વૃક્ષરથનુ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લા નાયબ વન સંરક્ષક અતુલ અમીનના જણાંવ્યા મુજબ શહેરના જન્મદિવસના રોજ સવારે ૯ કલાકે વનચેતના કેન્દ્ર ખાતેથી વૃક્ષરથનુ પ્રસ્થાન કરવામાં આવશે. આ વૃક્ષરથ તા ૨ અને ૩ ઓગષ્ટના રોજ સેકટરોમાં ફરશે. તા ૨ ઓગષ્ટના રોજ ૧ થી ૧૫ સેકટરોમાં ઈન્કવાયરી તેમજ શોપિંગ વિસ્તારમાં રથના માધ્યમથી રોપાઓનુ વિતરણ કરાશે. જયારે તા ૩ ઓગષ્ટના રોજ સે -૧૬ થી ૩૦ માં રોપાઓનુ વિતરણ કરાશે.વૃક્ષરથ દરમિયાન સેકટરવાસીઓને વિવિધ પ્રકારના રોપાઓનુ વિના મુલ્યે વિતરણ કરવામાં આવશે. જેમાં સુશોભિત, ફળાઉ, ઔષધિય રોપાઓ અને તુલસી તેમજ અન્ય છાંવ પ્રદાન કરાત રોપાઓનુ વિતરણ કરાશે. જયારે તા ૪ અને ૫ ઓગષ્ટ દરમિયાન વૃક્ષરથ ગાંધીનગર તાલુકાના ગામોમાં ફરશે તા ૬ અને ૭ દરમિયાન કલોલ તાલુકા તેમજ તા ૮ અને ૯ દરમિયાન માણસા અને તા ૧૦ અને ૧૧માં દહેગામ તાલુકામાં વૃક્ષરથ નિકળશે આ દરમિયાન આમ નાગરિકોને ગુલમહોર, ગરમાળો,સીતાફળ, સરગવો, કાજુ સહીતના રોપાઓનુ વિતરણ કરાશે. ગ્રામ્ય વિસ્તારમાં સરપંચના કાર્યાલય પાસે રોપા વિતરણનો કાર્યક્રમ હાથ ધરાશે.

# કલેક્ટરની સંવેદનશીલતા તો મુખ્યમંત્રીના સચિવે નવી ટેકનોલોજી પર ભાર મુક્યો

ગાંધીનગર, તા. ૩૧

જિલ્લામાં મિશન વિદ્યાને સફળ બનાવવા માટે આજે ૫૦થી વધુ અધિકારીઓને પણ તેના મોનીટરીંગ માટે જોડવાનો નિર્ણય કરી આજે સાંજે તે અંગેના હુકમો જારી કરવામાં આવ્યા છે.

જિલ્લામાં ૨૬મીથી શરૂ થયેલા મિશન વિદ્યા પ્રોજેક્ટમાં બાળકોના નબળા પરફોમન્સ પછી તંત્રએ હવે સઘન મોનીટરીંગનો અભિગમ અપનાવવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

મિશન વિદ્યાના મોનીટરીંગમાં આજે પણ ત્રણ દશ્યો જિલ્લામાં જોવા મળ્યા હતા.

જિલ્લાના સરઢવ ગામે પહોંચેલા જિલ્લા કલેક્ટર લાંગાએ સંવેદનાના દર્શન કરાવ્યા હતા.

**જિલ્લાના ૫૦ થી વધુ અધિકારીઓ પણ હવે મિશન વિદ્યાના મોનીટરીંગમાં જોતરાશે : બાળકની સર્જનાત્મકતાને શિક્ષણ સાથે ભેળવી શિક્ષણ આપવાની વાત ડીડીઓએ શિક્ષકોને કહી**

બાળક ચોપડી નજીકમાં રાખી વાંચન કરતાં તેમણે બાળકને પુછ્યુ બેટા આંખોની તકલીફ નથીને...

તેમણે આજે મૂલ્યાંકનનો તદન નવતર અભિગમ અપનાવ્યો હતો. તેમણે બાળકોને ઘડિયા આવડે છે કે નહિ ? તેવો સવાલ પુછી અને બાળકોને ઉભા કરી ઘડિયા બોલવા જણાવ્યુ હતુ.

લાંગાએ શિક્ષક સમયસર આવે છે કે નહિ તેવો સવાલ પણ

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા પિતાશ્રી **જયંતિલાલ માણેકલાલ શાહ (જે.એમ. શાહ)**નું તા. ૩૦/૭/૨૦૧૮ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨/૮/૨૦૧૮ને ગુરૂવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજની વાડી, સેક્ટર-૭/સી, ગાંધીનગર. મો. નં. ૯૮૨૫૫ ૩૧૧૭૮**

લિ.

મહેન્દ્રભાઈ માણેકલાલ શાહ
કિરીટભાઈ માણેકલાલ શાહ
ડો. રાજેશ જે. શાહ
સંજય જે. શાહ
જીજ્ઞા રાજેશ શાહ
પ્રીતી સંજય શાહ


## જોઈએ છે

**ઉમા સંસ્કાર તીર્થ**
મુ. ચંદ્રાલા, તા.જી. ગાંધીનગર

કન્યા છાત્રાલાય માટે જોઈએ છે નિવાસી વોર્ડન (ગૃહમાતા) તરીકે નિવૃત્ત શિક્ષિકા, વિધવા અથવા ત્યક્તા જેને પરિવાર સાથે ક્વાર્ટર અને ભોજન સુવિધા મળશે.

બાયોડેટા સાથે તા. ૧૦/૮/૨૦૧૮ સુધીમાં અરજી કરો.

સંપર્ક :
૯૪૨૮૦૪૬૫૦૧
૯૯૨૫૦૨૫૭૩૯

ટ્રસ્ટીશ્રી
ઉમા સંસ્કાર તીર્થ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com